**<u>અમદાવાદ(રૂરલ) ના છઠઠા વધારાના જયુડી. મેજી.ફ.ક. સા. ની કોર્ટમાં,મુ. મીરઝાપુર, અમદાવાદ.</u>**

**<u>ફોજદારી કેસ નં.૧૫૭૬૪/૨૦૨૧</u>**
**<u>આંક:</u> ૨૧**

**ફરિયાદી** :- શ્રી સ ર કા ર

**વિ રૂ ઘ્ધ**

**આરોપી** :- (૧) બાબાખાન ઉર્ફે બબલુ વાહીદખાન પઠાણ
(૨) ચાંદભાઈ જાનીભાઈ શેખ
(૩) નિશારએહમદ અકબરભાઈ શેખ
(૪) મોહમદજમીલ અબ્દુલજલીલ શેખ
(૫) ઈસ્માઈલ નિશારભાઈ શેખ
(૬) મોહમદહુસેન દીલાવરહુસેન શેખ
(૭) મોહંમદ ફારૂક ફરીદભાઈ છીપા
(૮) મોહશીન અબ્દુલભાઈ કુરેશી

---

**ગુનો : જુગાર ધારાની કલમ ૧૨ મુજબ.**

---

**<u>-:: ઠરાવ ::-</u>**

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આરોપીએ ગુન્હો કરેલ હોય, આરોપી વિરુધ્ધ ગુન્હાની ફરીયાદ નોંધી, તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં જુગાર ધારાની કલમ ૧૨ મુજબના ગુન્હા અંગેનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨)** આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ (સંહિતા) ની કલમ ૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી. ત્યારબાદ આરોપીએ ગુન્હો કબુલ હોવાનુ જણાવી અલગથી ગુન્હા કબુલાત પુરશીસ આંક: થી આપેલ છે. ત્યારબાદ સદર ગુન્હા સબંધેની આરોપીની પ્લી આંક: થી નોંધવામાં આવેલ છે જેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે. આરોપીએ ગુન્હાની કબુલાત કોઈ પણ જાતના દબાણ વગર, સ્વેચ્છાએ કરેલ છે તેની ખાતરી કરવામાં આવ્યા બાદ આરોપીને ગુન્હાની કબુલાત નોંધી આ કામે રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે અને આરોપીને ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ

મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.આરોપીએ ગુન્હાનો એકરાર સ્વૈચ્છિક રીતે કરેલ છે અને લેખીત તેમજ મૌખિક રજુઆત કરેલ છે કે, તેઓ ગરીબ

માણસ છે, પ્રથમ વખત ભુલ થયેલ છે. કુટુંબ કબીલાવાળા માણસ છે, કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના ઉપર છે, ગુન્હો કરવા બદલ પસ્તાવો વ્યકત કરેલ છે તેમજ ફરી વખત આવો ગુન્હો નહીં કરવાની ખાતરી આપેલ છે. આથી દયા કરવા અરજ ગુજારેલ છે.

(૩) ફરીયાદ પક્ષ તરફથી એવુ કોઈ રેકર્ડ રજુ થયેલ નથી કે, આરોપીએ અગાઉ ગુન્હો કરેલ હોય, જેથી આરોપીનો પ્રથમ ગુન્હો હોવાનુ જણાય છે તેમજ કુટુંબની જવાબદારી તથા આરોપીએ કરેલ પશ્ચાતાપ ધ્યાને લેતા તેમજ આરોપીએ આવા પ્રકારનો ગુન્હો નહીં કરવાની ખાતરી આપતા હોવાથી આરોપીને સુધરવાની તક આપવી જોઈએ. આવા સંજોગોમાં આરોપીની સામેનુ તહોમત તેમજ ગુન્હાની ગંભીરતા અને સજાની જોગવાઈ તેમજ આરોપીની રજુઆત ધ્યાને લેતા, આરોપીની વિરુધ્ધ આ પ્રથમ પ્રકારનો ગુન્હો હોય, ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

આરોપીને ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ-૨૫૨ અન્વયે જુગાર ધારાની કલમ ૧૨ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂ.૧૦૦×૮= ૮૦૦/- (અંકે રૂપિયા આઠસો પુરા) નો દંડ કરવામાં આવે છે.

જો આરોપી દંડ ન ભરે તો તેઓને ત્રણ દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.
મુદ્દામાલનો અપીલ સમય નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના જામીનખત અને જાત મુચરકા રદ કરવામાં આવે છે.

ઉપરોકત ચુકાદો તા. ૧૦/૦૭/૨૦૨૧ ના રોજ જાહેર કર્યો.

તારીખ :-૧૦/૦૭/૨૦૨૧
સ્થળ :-અમદાવાદ(ગ્રામ્ય)

(કુ.વિનતી)
છઠઠા એડી.જયુડી. મેજી.ફ.ક.
અમદાવાદ(રૂરલ), મીરઝાપુર.